# સોરઠ ઈન્ટરનેશનલ સ્કુલ, વંથલી રોડ,જુનાગઢ

વિષય : ગુજરાતી

પેપર – 2

**સુચના : 1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે, બધા જ ફરજીયાત છે.**
**2) દરેક વિભાગના ગુણ – 20 દર્શાવે છે.**
**3) જમણીબાજુનાં આંકડા ગુણ દર્શાવે છે.**
**4) વિભાગો આંતરિક છે.**

## વિભાગ – A

**અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[૦૪]**

| કૃતિ | પાત્ર |
|---|---|
| 1) 'ગતિભંગ' | અ) વેલજી ડોસો |
| 2) 'રેસનો ઘોડો' | બ) ગોવિંદ |
| 3) 'જન્મોત્સવ' | ક) રવીન્દ્રનાથ ટાગોર |
| 4) 'ઘોડીની સ્વામીભક્તિ' | ડ) વિશાખા |
| | ઈ) બબલી |

**બ) નીચે આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૦૪]**

1) મનીષાના પાયા બસસ્ટેન્ડ ઉપર ..........નો શેર બોલ્યા. (ગાલિબ, મજનું, બેફામ,ઇકબાલ )
2) રામે ............ નામની રાક્ષસીનો વધ કરેલો. (તાડકા, પૂતના, સુપર્ણખા, તલ્લિકા)
3) શ્રીમદનો ગાંધીજીને પરિચય ........... એ કરાવી આપેલો.(પ્રાગજીભાઈ મહેતા, પ્રાણજીવનભાઈ મહેતા, ભગવાનદાસ મહેતા, સુરેશ મહેતા)
4) બાર કલાકના અંતે એમણે ........ સરોવર જોયું. (હિમસરોવર, મલ્લિકા સરોવર, માનસરોવર, ગિરિસરોવર)

**બ) નીચે આપેલા પ્રશ્નોના એક – એક વાક્યમાં ઉત્તર લખો.** **[૦૨]**

1) ઘોડીની સ્વામીભક્તિ પાઠ ક્યાં સંગ્રહમાંથી લેવામાં આવ્યો છે?
2) ચોપડાની ઈન્દ્રજાળ પાઠનો સાહિત્યપ્રકાર જણાવો.

**ક) નીચેના પ્રશ્નોના ત્રણ – ચાર વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ બે)** **[૦૪]**

1) ખાનપાન અંગે લેખકના વિચારો જણાવો.
2) 'બાવાના બેય બગાડવા' એમ કાળુ શા માટે કહે છે?
3) છાસ અને ઘીના દ્રષ્ટાંતથી શ્રીમદરાજચંદ્રએ છોકરાઓને શું સમજાવ્યું?

**ઈ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.(કોઈપણ બે)** **[૦૬]**

1) 'આખરે શિક્ષકનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે – આ વિધાન વિગતે સમજાવો.
2) પુત્રી ખોયાની માતા – પિતાની વેદના 'ગતીભંગ' પાથના આધારે તમારા શબ્દોમાં વ્યક્ત કરો.
3) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

## વિભાગ – B

**અ) નીચે આપેલા જોડકા જોડીને ફરીથી લખો.**

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1) 'બોલીએ ના કાંઈ' | અ) પદ |
| 2) 'વતનથી વિદાય થતા' | બ) ઊર્મિકાવ્ય |
| 3) 'શિકારીને' | ક) ગઝલ |
| 4) 'વૈષ્ણવજન' | ડ) સૉનેટ |
| | ઈ) ગીત |

**બ) નીચેના વિકલ્પ માંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૦૪]**

1) હાઈકુ ....... કાવ્ય પ્રકાર છે. (જાપાનીઝ, ઈટાલિયન, અમેરિકન, અરેબિયન)
2) ચાંદલિયો લોકગીતનાં સંપાદક ................. છે. (ઝવેરચંદ મેઘાણી, હસુ યાજ્ઞિક, જોરાવરસિંહ જાદવ, કવિ દુલા ભાયા કાગ)
3) 'માધવને દીઠો છે ક્યાંય?'કાવ્ય ........... સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે.('પગરવ તળાવમાં','ચાલ વરસાદની મોસમ છે','કલાપીનો કેકારવ','અંતરિક્ષ')
4)શિકારીને કાવ્ય .......... છંદમાં લખાયેલું છે.(મંદાક્રાંતા, શિખરિણી, અનુષ્ટુપ,મનહર)

**ક) નીચે આપેલા પ્રશ્નોના એક એક વાક્યમાં ઉત્તર લખો.** **[૦૨]**

1) કાવ્યનાયક માને શું ઠારી દેવાનું કહે છે?
2) શીલવંત સાધુ સદાય શાનો વેપાર કરે છે?

**ડ) નીચેના પ્રશ્નોના બે – ત્રણ વાક્યમાં ઉત્તર લખો.(કોઈપણ બે)** **[૦૬]**

1) કવિ મૂળ પરિવેશની ઝંખના કઈ રીતે કરે છે?
2) કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે?
3) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ રચિત હાઈકુનો ભાવાર્થ સમજાવો.

**ઈ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.(કોઈપણ બે)** **[૦૬]**

1) નરસિંહ મહેતાએ વર્ણવેલા વૈષ્ણવજનના લક્ષણો
2) 'શિકારીને' કાવ્યનો મધ્યવર્તી વિચાર પ્રકટ કરો.
3) 'ચાંદલિયો' કાવ્યમાં વ્યક્ત થયેલી સંયુક્તકુટુંબ ભાવના.

**વિભાગ – C**

**➔ માગ્યા પ્રમાણે ઉત્તર લખો.** **[૨૦]**

**→ નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો**

**1) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો.** **[૦૧]**

પરિસ્થિતી (પરિસ્થિતિ,પરીસ્થીતી,પરીસ્થિતિ )
વીજળી (વિજળી, વીજળી, વીજાળી)

**2) ઉપ + ઈક્ષિત – શબ્દની સંધી કરો.** (ઉપીક્ષિત, ઉપિક્ષિત,ઉપેક્ષિત) [૦૧]

**3) 'રોમાંચક' શબ્દોનો સમાસ ઓળખાવો** (ઉપપદ, તત્પુરુષ, મધ્યમપદલોપી) **[૦૧]**

**4) યોગ્ય જોડકા જોડો.**

| **અ** | **બ** |
|---|---|
| કર્તરિ વાક્યરચના | ગાંધીજીથી તેમના અનુરાગી થવાયું |
| કર્મણિ વાક્યરચના | મામાએ મનનો ભાર હળવો કર્યો |
| | આવેશથી તે રડવા લાગ્યો. |

5) પ્રયત્નો અમારું સ્વાગત કરવા જાણે મંદગતિએ ઉતરી રહ્યા હતા" વાક્યમાં રહેલો અલંકાર ઓળખાવો. [૦૧]
(સજીવારોપણ, ઉત્પ્રેક્ષા, રૂપક)
6) 'દુર્ગંધ' શબ્દમાં કયો પ્રત્યય લાગેલો છે. (પરપ્રત્યય, પૂર્વપ્રત્યય, બંનેપ્રત્યય)
7)નીચેના શબ્દોનાં સમાનર્થી શબ્દ શોધીને લખો. [૦૧]
ખોભણ ( ખીણ, બાકોડું, ગુફા)
શૃંગ ( ઉંચાઈ,પર્વતમાળા, શિખર)
8) 'ઉકરડો' સંજ્ઞાનો આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને લખો. [૦૧]
(ભાવવાચક, જાતિવાચક, વ્યક્તિવાચક)

**→ નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ લખો.**

9) ' ગળે ઊતરવું' રૂઢિપ્રયોગનો અર્થ આપો. [૦૧]
10) 'રજનું ગજ કરવું' કહેવતનો અર્થ આપો. [૦૧]
11) "હિમાલયમાંથી નીકળતી ખૂબ ઠંડા પાણીવાળી નદી" શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
12)નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપો. [૦૧]
મૂંગું
13) બંને શબ્દના જોડણી ભેદે તથા અર્થ – ભેદ જણાવો. [૦૧]
સાજ, સાંજ
14) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો. [૦૧]
આરો
15) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધીને તેનો પ્રકાર લખો. [૦૧]
આમ સાત – આંઠ માણસને કેટલા દિવસ ચાલે!
16) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર લખો. [૦૧]
જીવલો, અવાર – નવાર ઘેર આવતો.
17) 'અશ્રુધારા' શબ્દના ધ્વનિ ઘટક છૂટા પાડીને લખો. [૦૧]
18) નીચેના વાક્યની પ્રેરકવાક્યવાક્ય રચના બનાવો.
ગામમાં કોઈ માંદુ પડે તો દાક્તરને સજા કરતા.
19) નીચેની પંક્તિનો છંદ ઓળખાવો.
જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની

20) અનુષ્ટુપ છંદનું બંધારણ જણાવો.

**વિભાગ – D ( અપઠિત)**

**અ) નીચેની પંક્તિઓનો આશરે ૧૫ વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** **[૦૪]**

મનવા પર ઘર પહોચીને દુ:ખ ન કરીએ રોઈ;
માન ગુમાવી આપણું,વહેંચી ન લેતું દુ:ખ કોઈ
અથવા
કુવો નાનો છતાં પાણી મીઠું દે સર્વને;
તેથી સહુ ભજે તેને નહિ ક્ષાર સમુદ્રને .

**બ) તમારી શાળામાં એસ.એસ.સી. ના વિદ્યાર્થીઓને વિદાય આપવા યોજાયેલા પ્રસંગને આલેખતો અહેવાલ આશરે ૧૦૦ શબ્દોમાં લખો** **[૦૪]**

**ક) નીચે આપેલા ગદ્યખંડને આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો**

આપણા જીવનમાંથી માવજતની માત્રા ઘટતી જાય છે. અને તૈયાર માલ ઓછી મહેનતે મેળવવાની તાલાવેલી વધતી જાય છે. આજ સુધી કોઈ માએ પોતાના દીકરાને વર્ષગાંઠે હોટેલમાં જમાડ્યો સાંભળ્યું છે? કોઈ સમાજમાં આયા વડે સારાં છોકરા તૈયાર થયા છે? કોઈ હોટલની રસોઈમાં માની રસોઈનો હુંફાળો સ્વાદ મળ્યો છે? એમાં ફરક છે માવજતનો. આ જમાનામાં જયારે લોકોને ઓછી મહેનતે વધુ પ્રમાણમાં તૈયાર વસ્તુની પ્રાપ્તિ માટે ધસતા જોઉં છું જયારે લાગે છે કે જાણ્યે અજાણ્યે પણ લોકોમાં 'માવજત' ભુલાતી જાય છે. માવજત કરનારામાં પ્રમાણભાન, ધીરજ, હળવે હાથે કામ કરવાની આવડત, ક્ષમતા, સહન શક્તિ અને સ્નેહ હોવા જોઈએ. કોઈપણ ગરીબ માંએ જહેમત ઉઠાવી ઉછેરીને ખુબ ભણાવેલા મોટા દાક્તર દીકરાની પાછળ માવજતનો જંતર છે કોઈપણ સફળ દાક્તરની સફળતા પાછળ માવજતનો ટહુકો છે. કોઈ સફળ પ્રોફેસરના સુંદર વ્યાખ્યાનની છુટ્ટા પાછળ માવજતનો ધ્વની છે. માવજતનો મંતર આ જમાનામાં સૌએ વાગોળવા જેવો આચરવા જેવો છે. માવજત જીવન અજવાળશે.

**ડ) ગમે તે એક વિષય પર મુદ્દા આધારિત આશરે ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો.(કોઈપણ એક)** **[૦૮]**

**સૃષ્ટિનો એક જ પોકાર, દીકરી બચાવી કરો ઉદ્દ્ધાર**

મુદ્દાઓ : પ્રસ્તાવના – અંધશ્રદ્ધા – ઘર – કુટુંબ અને સમાજનો દુરાગ્રહ – લાચાર યુવતીની મનોદશા – પુત્રની લોલુપતા – ઊભી થયેલી સામાજિક અસમાનતા – ઉપાયો - ઉપસહાર

**અથવા**

**પ્રવાસનું જીવન ઘડતરમાં સ્થાન**

મુદ્દાઓ : પ્રસ્તાવના – જીવન ઘડતરમાં પ્રવાસનું સ્થાન - પ્રવાસના ફાયદા – પ્રવાસ : પ્રત્યક્ષ જ્ઞાનનો ખજાનો – સૌંદર્ય દ્રષ્ટિનો વિકાસ – વિશાળ જનસંપર્ક – સાહસિક વૃતિનો વિકાસ – એકાગ્રતા, સહન – શીલતા : કેળવણીની ખીલવણી – આધ્યાત્મિક મુલ્ય – ઉપસહાર

**અથવા**

**સિદ્દ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય**

મુદ્દાઓ : પ્રસ્તાવના – પરિશ્રમનું મહાત્મ્ય – શાળાઓમાં શ્રમનું ગૌરવ – શિક્ષિત સમાજ વૃતિ – વિદેશોમાં શ્રમનું ગૌરવ - મહાપુરુષોના શ્રમયજ્ઞો – ઉપસહાર